# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/387 Dt. 06/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હેલ્થ સિરિઝ અંતર્ગત નશામુક્તિ અંગે જાગૃતિ લાવવા 'ફ્રિડમ ફ્રોમ એડિકશન' વિષે અવેરનેસ સેશન

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સમાજમાં નશાની લત સામે જાગૃતિ લાવવા હેતુસર હેલ્થ સિરિઝ અંતર્ગત રવિવાર, તા. ૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ફ્રિડમ ફ્રોમ એડિકશન' વિષય પર અવેરનેસ સેશન યોજાયું હતું, જેમાં મુખ્ય વકતાઓ તરીકે ડો. પરાગ શાહ અને ડો. કમલેશ દવે દ્વારા નશાની લતના શારીરિક, માનસિક અને સામાજિક પ્રભાવ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ડો. પરાગ શાહે પોતાના સંબોધનમાં નશાની લત કેવી રીતે વ્યક્તિના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે તે અંગે વિગતવાર સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, નશાનો પ્રારંભ સામાન્ય રીતે શોખ કે મિત્રવર્તુળના પ્રભાવથી થાય છે, પરંતુ તે ધીમે ધીમે લતનું સ્વરૂપ ધારણ કરી જીવનને વિનાશ તરફ દોરી જાય છે. નશામુક્તિ માટે મજબૂત મનોબળ, યોગ્ય માર્ગદર્શન અને સમયસર કાઉન્સેલિંગ ખૂબ જ જરૂરી છે. પરિવાર અને સમાજનો સહકાર મળે તો વ્યક્તિ સરળતાથી નશાની લતમાંથી બહાર આવી શકે છે, તે બાબતે પણ તેમણે ભાર મૂકયો હતો.

ડો. કમલેશ દવેએ પોતાના સંબોધનમાં નશાના કારણે ઊભા થતા સામાજિક અને આર્થિક પ્રશ્નો અંગે પ્રકાશ પાડયો હતો. તેમણે જણાવ્યું હતું કે, નશાની લત માત્ર વ્યક્તિને જ નહીં, પરંતુ તેના પરિવાર અને સમગ્ર

સમાજને પણ પ્રભાવિત કરે છે, જેના કારણે અનેક સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે. નશામુક્તિ માટે પ્રિવેન્શન સૌથી મહત્વપૂર્ણ છે અને યુવાનોમાં જાગૃતિ લાવવી અત્યંત આવશ્યક છે. શિક્ષણ, માર્ગદર્શન અને સકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા નશાની લતથી દૂર રહી શકાય છે અને સ્વસ્થ સમાજની રચના કરી શકાય છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી રાકેશ ગાંધીએ કાર્યક્રમના ઉદ્દેશ્ય વિષે માહિતી આપી હતી. ચેમ્બરની ઇન્ડસ્ટ્રિયલ વર્કર્સ હેલ્થ કમિટીના કો–ચેરમેન ડો. જગદીશ વઘાસિયાએ વકતાઓનો પરિચય કરાવી સમગ્ર સેશનનું સંચાલન કરી ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.